INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૫-૦૯-૨૦૨૫**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી નિશાંત રાવલ દ્વારા વડોદરાના આયાતી સાંસદ માનનીય શ્રી હેમંતભાઈ જોષી ને ૫ સવાલ

1. કથળી ગયેલા રોડ રસ્તાના લીધે વડોદરા શહેરમાં એક ૩૯ વર્ષના ગરીબ યુવાન રિક્ષા ચાલકનું મૃત્યુ થયું હતું, સાંસદ શ્રી એ આ યુવાનના પરિવાર માટે શું કર્યું? શું સાંસદશ્રી પરિવારને સાંત્વના આપવા પણ ગયા હતા?

2. વડોદરાની આસપાસ ના હાઇવે ના ખાડા ખુબ ગંભીર છે, આમ નાગરિકોને સાધનનું ખુબ નુકશાન થઇ રહ્યું છે, શું સાંસદશ્રી હાઇવે ઓથોરિટી ને રજૂઆત કરી, નાગરિકોને વળતર અપાવી શકશે?

3. જ્યારે સાંસદશ્રી પોતે સ્વીકારે છે કે વડોદરાના હાઇવે બિસ્માર હાલતમાં છે ત્યારે હાઈવેના ખાડા જ્યાં સુધી રિપેર ના થાય ત્યાં સુધી કોઇ પણ ટોલ ઉઘરાવી ન શકાય, શું આવી કોઇ રજૂઆત સાંસદશ્રી દ્વારા હાઇવે ઓથોરિટીને કરવામાં આવી હોય તો વડોદરાની જનતાને જણાવે

4. વડોદરા શહેરમાં ગતવર્ષે ૨ મહિનામાં ૩ વખત પુર આવ્યું, વિશ્વામિત્રી પ્રોજેક્ટ ને આગળ ધપાવવા સાંસદશ્રી એ પોતાના કોટા માંથી કેટલું ફંડ ફાળવામા આવ્યું એની પણ જાણકારી આપે

5. ૮ વર્ષોથી ભાજપના નેતાઓ દ્વારા મોટા ઉપાડે વડોદરા ઇન્ટરનેશનલ એરપોર્ટ નું ઉદ્ઘાટન તો કર્યું અને સાંસદશ્રી હેમાંગ જોષી સાંસદ બનતાની સાથે ઇન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવા રજૂઆતો તો કરી પરંતુ આજદિન સુધી વડોદરા ના નાગરિકો ઈન્ટરનેશનલ ફ્લાઇટ ની રાહ જોઇ રહ્યા છે, સાંસદ શ્રી શું માત્ર રજૂઆતો કરે છે કે? કેમ આપણી આ રજૂઆતો પરિણામમાં પરિવર્તિત નથી થઇ શકતી? અને વડોદરા ઇન્ટરનેશનલ એરપોર્ટનુ નામ "સર સયાજીરાવ ગાયકવાડ ઈન્ટરનેશનલ એરપોર્ટ" ક્યાં સુધી થશે?

NK Raval

નિશાંત રાવલ
પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ